# સિધ્ધાર્થ લૉ કૉલેજ ખાતે આવકારોત્સવ ઉજવાયો



ગાંધીનગર, તા. ૨૧
સિદ્ધાર્થ લૉ કૉલેજ ખાતે નવા દાખલ થયેલા વિદ્યાર્થીઓનો આવકારોત્સવ અને ગુજરાત યુનિવર્સિટીની છેલ્લી વાર્ષિક પરીક્ષામાં ઉજ્જવળ પરિણામ પ્રાપ્ત કરનારા આ કૉલેજના વિદ્યાર્થીઓને બિરદાવવા માટે એક સમારોહનું આયોજન કૉલેજ ખાતે કરવામાં આવ્યું હતું.

ડૉ. બી આર આંબેડકર ઍજ્યુકેશન સોસાયટીના પ્રમુખ ઘનશ્યામભાઈ અમીનના હસ્તે વિદ્યાર્થીઓનો મેડલ અર્પણ કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે કૉલેજના વિદ્યાર્થી સ્વપ્નિલ મોદી ઍલઍલબી સોમેસ્ટર-૬ની પરીક્ષામાં સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થયા છે.

નવા વિદ્યાર્થીઓનો સંસ્થાના પ્રમુખ અને આચાર્ય દ્વારા આવકારી આશીર્વચન પાઠવવામાં આવ્યાં હતાં.

# જિલ્લા ફૂટબૉલ સ્પર્ધામાં ડીપીએસ ગર્લ્સ વિજેતા



જિલ્લાકક્ષાની એસજીએફઆઈ ફૂટબૉલ ટુર્નામેન્ટનું આયોજન ડિવાઈન લાઈફ ચાઈલ્ડ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરની ટીમે અન્ડર-૧૯ વિભાગમાં ડિવાઈન ચાઈલ્ડ ઈન્ટરનેશનલ સ્કૂલની ટીમને હરાવીને પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. વિજેતા ટીમની ચાર વિદ્યાર્થિનીઓ રાજ્યકક્ષાની સ્પર્ધા માટેની ટીમ માટે પસંદગી પામી હતી.

ડીપીએસના આચાર્ય અતનુ રથે સમગ્ર શાળા પરિવાર વતી વિદ્યાર્થિનીઓને આ સિદ્ધિ બદલ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## જન્મદિને વધામણી



મુકુન્દ ભટ્ટ
મો. ૯૮૯૮૨ ૭૯૦૭૯



શૌર્ય જસ્મીન જોષી
મો. ૯૩૨૮૪ ૩૭૧૬૯



પ્રેમ ચમરાજ પંડ્યા
ફોન : ૨૩૨૩૩૦૬૭

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# આરાધના વિદ્યાવિહારનાં ભૂલકાં હૉસ્પિટલની મુલાકાતે



ગાંધીનગર, તા. ૨૧
આરાધના વિદ્યાવિહાર, સૅક્ટર-૨૮ દ્વારા નાનાં બાળકો માટે પગરવ હૉસ્પિટલની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોને હૉસ્પિટલમાં ચાલતી આરોગ્યલક્ષી કાર્યપ્રવૃત્તિ અને સ્વચ્છતા અંગે પ્રત્યક્ષ નિદર્શન આપવામાં આવ્યું હતું. બાળકોને ઉત્તમ સ્વાસ્થ્ય માટે જરૂરી સૂચનો પણ આપવામાં આવ્યાં હતાં. હૉસ્પિટલના સઘળા વિભાગોની મુલાકાત બાળકોએ જિજ્ઞાસાપૂર્વક લીધી હતી અને આ મુલાકાતથી આનંદ વ્યક્ત કર્યો હતો.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર જી પટેલ ગર્લ્સ સૅકન્ડરી સ્કૂલ અને શ્રીમતી ઍસ બી પટેલ ગર્લ્સ હાયર સૅકન્ડરી સ્કૂલ દ્વારા વિતેલા શૈક્ષણિક વર્ષ દરમિયાન કરવામાં આવેલી પ્રવૃત્તિઓ તથા આગામી વર્ષ દરમિયાન કરવાની થતી પ્રવૃત્તિઓનું આયોજન પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંડળના ચેરમેન વલ્લભભાઈ પટેલ, બે ઍનજીઓના પ્રતિનિધિઓ, સુપરવાઈઝર ગીતાબેન પટેલ, શૈલેષભાઈ પટેલ, ફિરોજાબેન મનસુરી તથા વિદ્યાર્થીઓના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના સામાન્ય પ્રવાહના સુપરવાઈઝર રમેશભાઈ જી. પટેલ દ્વારા આ અંગે વિગતવાર પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. વાલીઓ તરફથી મળેલાં સૂચનોને અમલમાં લાવવાની પણ શાળા દ્વારા ખાતરી આપવામાં આવી હતી. આ પ્રેઝન્ટેશન તૈયાર કરવા માટે શિક્ષક કમલેશભાઈ શર્મા અને સંજયભાઈ નાયકનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

# શ્રીમતી આર એન પટેલ પ્રાઈમરી સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષારોપણ



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર એન પટેલ પ્રાઈમરી સ્કૂલના વિદ્યાર્થીઓ અને ટ્રાફિક પોલીસ સ્ટેશન, સૅક્ટર-૨૨ના પોલીસ કર્મચારીઓએ સાથે મળીને વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. સેક્ટર-૨૨ ખાતેના ટ્રાફિક પોલીસ સ્ટેશનના પટાંગણમાં વિવિધ ફૂલછોડ અને પર્યાવરણ માટે ઉપયોગી એવાં રોપાઓનું આરોપણ કરવામાં આવ્યું હતું. સૌએ સાથે મળીને આ છોડને ઉછેરવાની, સાચવવાની પ્રતિજ્ઞા પણ લીધી હતી. શાળાના સુપરવાઈઝર અશોકભાઈ પટેલ અને કેતનભાઈ પટેલ આ ઉપક્રમમાં વિદ્યાર્થીઓની સાથે રહ્યા હતા.

# ઍસઍસવી કૅમ્પસમાં છાત્ર સત્કાર સમારોહ





સૅક્ટર-૩માં સ્થિત ઍસઍસવી કૅમ્પસ ખાતે તેજસ્વી વિદ્યાર્થીઓને સત્કારવા સત્કાર સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના વિદ્યાર્થી વિશાલ પ્રજાપતિએ ઍનઈઈટીની પરીક્ષામાં ૭૨૦માંથી ૬૦૦ ગુણ પ્રાપ્ત કર્યા છે અને રાજન પટેલે જેઈઈમાં ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે. બંને વિદ્યાર્થીઓને ટ્રસ્ટીઓના હસ્તે પારિતોષિક આપી સત્કારવામાં આવ્યા હતા



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચલિત એસ. કે. પટેલ સ્કૂલમાં વેજીટેબલ્સ એક્ટિવિટી કાર્યક્રમ યોજાયો હતો, જેમાં બાળકોએ અને શિક્ષકોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# એક પુસ્તકની જાદુઈ અસર

॥ બીજો મણકો ॥

કોઈના મન ઉપર ખરી ખાતરી વિના વધારે પડતી અસર પાડવી એ પણ સત્યને ઝાંખપ પહોંચાડનારી વસ્તુ છે.

મને કહેતાં દુઃખ થાય છે કે, આ વસ્તુ જાણતા છતાં ઉતાવળે વિશ્વાસ મૂકીને કામ લેવાની મારી પ્રકૃતિને હું છેક સુધારી શક્યો નથી. તેમાં હું ગજા ઉપરાંત કામ કરવાના લોભનો દોષ જોઉં છું એ લોભથી મારે અકળાવું પડ્યું છે તેના કરતાં મારા સાથીઓને બહુ વધારે અકળાવું પડ્યું છે.

વેસ્ટનો આવો કાગળ આવવાથી હું નાતલ જવા ઊપડ્યો. પોલાક તો મારી બધી વાતો જાણતા થઈ જ ગયા હતા. મને મૂકવા સ્ટેશન ઉપર આવેલા, ને 'આ પુસ્તક રસ્તામાં વાંચી શકાય તેવું છે. તે વાંચી જજો. તમને ગમશે,' એમ કહી તેમણે રસ્કિનનું 'અન ટુ ધિસ લાસ્ટ' મારા હાથમાં મૂક્યું.

આ પુસ્તકને લીધા પછી હું છોડી જ ન શક્યો. તેણે મને પકડી લીધો. જોહાનિસબર્ગથી નાતાલ ચોવીસ કલાક જેટલો રસ્તો હતો. ટ્રેન સાંજે ડરબન પહોંચતી હતી. પહોંચ્યા પછી આખી રાત ઊંઘ ન આવી. પુસ્તકમાં સૂચવેલા વિચારો અમલમાં મૂકવાનો ઈરાદો કર્યો.

મારું પુસ્તકોનું જ્ઞાન ઘણું જ થોડું છે. આ અનાયાસે અથવા પરાણે પળાયેલા સંયમથી મને નુકશાન નથી થયું એમ હું માનું છું. પણ જે થોડાં પુસ્તકો વાંચ્યા છે તેને હું ઠીક પચાવી શક્યો છું એમ કહી શકાય. એવાં પુસ્તકોમાં જેણે મારી જિંદગીમાં તત્કાળ મહત્વનો રચનાત્મક ફેરફાર કરાવ્યો એવું તો આ પુસ્તક જ કહેવાય. તેનો મેં પાછળથી તરજુમો કર્યો, ને તે 'સર્વોદય'ને નામે છપાયેલું છે.

150 ગાંધીયાત્રા

મારી એવી માન્યતા છે કે જે વસ્તુ મારામાં ઊંડે ભરેલી હતી તેનું સ્પષ્ટ પ્રતિબિંબ મેં રસ્કિનના આ ગ્રંથરત્નમાં જોયું, ને તેથી તેણે મારી ઉપર સામ્રાજ્ય જમાવ્યું ને તેમાંના વિચારોનો અમલ મારી પાસે કરાવ્યો. આપણામાં જે સારી ભાવનાઓ સૂતેલી હોય તેને જાગ્રત કરવાની શક્તિ જે ધરાવે તે કવિ છે. બધા કવિની બધા ઉપર સરખી અસર નથી થતી, કેમ કે બધામાં બધી સારી ભાવનાઓ એકસરખા પ્રમાણમાં હોતી નથી.


'સર્વોદય'ના સિદ્ધાંતો હું આમ સમજ્યો :

૧. બધાના ભલામાં આપણું ભલું રહેલુ છે.

૨. વકીલ તેમ જ વળંદ બંનેના કામની કિંમત એકસરખી હોવી જોઈએ, કેમ કે આજીવિકાનો હક બધાને એકસરખો છે.

૩. સાદું મજૂરીનું, ખેડૂતનું જીવન જ ખરું જીવન છે.

પહેલી વસ્તુ હું જાણતો હતો. બીજી હું ઝાંખી જોતો હતો. ત્રીજીનો મેં વિચાર જ નહોતો કર્યો. પહેલીમાં બીજી બંને સમાયેલી છે એમ મને 'સર્વોદયે' દીવા જેવું દેખાડ્યું. સવાર થયું ને હું તેનો અમલ કરવાના પ્રયત્નમાં પડ્યો.




'સત્યના પ્રયોગો'માંથી સાભાર

## શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી જે એમ ચૌધરીપ્રાથમિક વિદ્યાલય ખાતે

# ગુરુવંદન, છાત્ર અભિનંદન કાર્યક્રમ યોજાયો





શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલય ખાતે 'ગુરુવંદન છાત્ર અભિનંદન' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ભારત વિકાસ પરિષદના મુકેશભાઈ, હીનાબેન, મણિબેન દેસાઈ, નરેન્દ્રભાઈ, મંડળના ઉપપ્રમુખ શંકરભાઈ તથા આચાર્ય મીનાબેન ચૌધરી આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતાં.

ધોરણ-૧થી ૮ના તેજસ્વી તારલાઓને કુમકુમ તિલક અને પ્રશસ્તિપત્રથી નવાજવામાં આવ્યા હતા. શિક્ષક તરીકે ઉલ્લેખનીય સેવા આપનાર શિક્ષક આશાબેન મહેતાને પણ પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.